**<u>ડિસેમ્બર ૨૮, ૨૦૧૧- જન્મ જયંતિ વિશેષ</u>**

# <u>ધીરૂભાઈ અંબાણી - એક વાસ્તવિક ઝગમગતો સિતારો</u>

***- પરિમલ નથવાણી***

*એક રાષ્ટ્ર તરીકે આપણે ભારતીય અર્થતંત્રમાં પ્રદાન કરનારા આપણા વાસ્તવિક તારલાઓને એક વિશાળ પરિપ્રેક્ષ્યમાં ઓળખવાનો સમય પાકી ગયો છે. આપણે મોટા ભાગે રાષ્ટ્રના જીવનકાળમાં મહત્વની ભૂમિકા ભજવનાર લોકોને મહદ્અંશે નજર અંદાજ કરતા હોઈએ છીએ. ધીરૂભાઈ અંબાણી એ આ પૈકીનું નામ છે કે જેમણે દેશના આર્થિક અને ઔદ્યોગિક વિકાસની દિશામાં ધરખમ પ્રદાન કર્યું છે.*

*'વૃદ્ધિ એ જ જીવન' એ ધીરૂભાઈ અંબાણીનો, રિલાયન્સ કંપનીનો તેની સ્થાપનાથી જ મુદ્રાલેખ રહ્યો છે. ધીરૂભાઈ જો કે શેર બજાર તરફ સાધારણ લોકોને આકર્ષિત કરનાર તરીકે વધુ પ્રસિદ્ધ થયા અને તે રીતે તેઓ ઓળખાય છે, પરંતુ સાથે સાથે જ તેમની ઔદ્યોગિક યોજનાઓએ સમગ્ર રાષ્ટ્રને વૈશ્વિક ઓળખ આપી. ટેક્ષટાઈલ્સ અથવા ફાઈબર, પેટ્રોલિયમ અથવા પેટ્રોકેમિકલ્સ; તેઓ ભારતમાં વિશ્વ કક્ષાની યોજનાઓ સાથે આગળ આવ્યા. તેમના મોબાઈલ ટેલિફોન સ્વપ્નએ ટેલિફોન અંગેની સમકાલીન વિચારધારા ધરમૂળથી બદલી નાંખી. જે ટેલિફોન તે સમયે ઉચ્ચ વર્ગના ભદ્ર લોકો માટે હતા તેને ધીરૂભાઈએ આમ આદમીના હાથમાં રમતો કરી દીધો. તેઓ ખરેખર પરિવર્તનના પુરોધર હતા. એક એવા ઉદ્દીપક હતા જેમને કારણે સમગ્ર પ્રક્રિયા ઝડપી બનતી. તેઓ વિચારધારામાં બદલાવ માટે કારણભૂત થતા.*

*જો કે હમણાં હમણાં આપણા લોકોની વિચારધારાને પ્રચાર-માધ્યમો અને માર્કેટીંગની તરકીબોને લીધે રાષ્ટ્રમાં નવા નવા સિતારાઓ ઊભા થઈ રહ્યા છે. પ્રેસ કાઉન્સીલ ઑફ ઈન્ડિયાના ચેરમેન નિવૃત્ત ન્યાયમૂર્તિ, માર્કેન્ડેય કાત્જુએ તાજેતરમાં ખૂબ જ મહત્વનો મુદ્દો ઉઠાવ્યો કે, ભારત રત્નનો મરણોત્તર ખિતાબ ભારતના સાચા તારલાઓને આપવો જોઈએ. તેઓએ યોગ્ય રીતે જ મિરઝા ગાલિબ અને / અથવા શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયનો કેસ આગળ કર્યો. ગત વર્ષોના આ બે અદ્‌ભૂત સાહિત્યકારો તેમનાં લખાણો દ્વારા નિઃશંક રીતે અમર અને અમિટ છાપ છોડી ગયા. ગાલિબ એક વિશ્વ પ્રસિદ્ધ ઉર્દુ કવિ અને શરદબાબુ પ્રસિદ્ધ બંગાળી લેખક.*

ધીરૂભાઈ અંબાણી અને બીજા, ઘણા જુદાં જુદાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય જીવનમાં અમિટ છાપ તેમના અર્થપૂર્ણ પ્રદાન દ્વારા છોડી ગયાં. જો કે એ જે તે વખતના સત્તાધીશોએ નક્કી કરવાનું છે કે ક્યાં નામો પર ઉચ્ચત્તમ રાષ્ટ્રીય સન્માન માટે, વિચારણા કરે.

મરણોત્તર સન્માનના સિદ્ધાંતનો સ્વીકાર પણ વિચારણીય છે. જો કે ધીરૂભાઈ અંબાણીને આ ઉચ્ચત્તમ સન્માન આપવાની પેરવી હોય તેવો પ્રયાસ નથી. સત્તાધીશો, સાંસદો, અને પ્રસાર માધ્યમોની નૈતિક જવાબદારી છે કે ધીરૂભાઈ જેવા મહાન તારકની રાષ્ટ્રને યાદ અપાવે કે જેમણે રાષ્ટ્રીય જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે.

કેટલાક સમય પહેલાં સરકારે ધીરૂભાઈના સન્માનમાં મરણોત્તર ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરી હતી. આ રાષ્ટ્રીય સન્માન થકી અને તે ઉપરાંત પણ ધીરૂભાઈ હજીય હજારોના હૃદયમાં ધબકી રહ્યા છે. તેઓ હાલમાં પણ દેશના કેટલાંક ઉભરતા અને સ્થિર થયેલા ઉદ્યોગ સાહસિકો અને યુવાનોમાં આદર્શ બની રહ્યા છે. તેઓ એટલી હદે આદર્શ સ્વરૂપ હતા કે કેટલાય અજાણ્યા લોકોએ તેમને મૂર્તિ સ્વરૂપે મંદિરમાં સ્થાપિત કર્યા છે.

તા. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૧ના રોજ તેમની જન્મતિથિએ તેમની સ્મૃતિમાં ચોરવાડમાં સ્મૃતિ ભવન ખુલ્લું મૂકાઈ રહ્યું છે તે પ્રાસંગિક છે. જ્યાંથી તેમણે યુવા સાહસિક તરીકે શરૂઆત કરી હતી તે ચોરવાડ ખાતેના તેમના ઘરમાં તેઓ એડન (હવેનું યમન) ગયા ત્યાં સુધી રહ્યા. આ ઘરને સ્મૃતિ ભવનમાં તબદીલ કરાયું છે. દેશના આ ભાગમાં તો ઉદ્યોગપતિના નામે સ્થપાયેલું આ પ્રકારનું આ પ્રથમ સ્મૃતિ ભવન છે.

આ સ્મૃતિ ભવન પણ સન્માનનીય ધીરૂભાઈ અંબાણીને ભારત રત્ન સમાન શ્રદ્ધાંજલિ જ છે.

**(શ્રી પરિમલ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ગ્રુપ પ્રેસિડેન્ટ તથા રાજ્ય સભાના સાંસદ છે.)**

★ ★ ★